# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૦૦ પ્રમાણિત સંસ્થા),**

" સમૃધ્ધિ ", એનેક્ષી, ૪થો માળ, મકકાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

ફોન નં. ૩૯૧૭૭૭૭ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.com Website : www.sgcci.com


રેફ નં. તાઃ ૦૬ /૦૨/૨૦૧૦

તંત્રીશ્રી, ______________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજી.

લિ.

આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી )

---

## ચેમ્બરમાં 'હાઉ ટુ ગ્રો યોર ફેમિલી બિઝનેસ થ્રુ જનરેશન્સ' વિશે વર્કશોપ

સુરતઃ ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ઉપક્રમે 'હાઉ ટુ ગ્રો યોર ફેમિલી બિઝનેસ થ્રુ જનરેશન્સ' વિશે માહિતીપ્રદ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું.આ કાર્યક્રમના મુખ્ય મહેમાન તરીકે સીઈડીના ડાયરેકટર ડો.ચંદન ચેટર્જી તથા અતિથિ વિશેષ તરીકે ફિયાસ્વી ના ચેરમેન શ્રી અરૂણભાઈ જરિવાળા ઉપસ્થિત રહયા હતા.વર્કશોપના મુખ્ય વકતા તરીકે એશિયન ઈન્સ્ટીટયૂટ ઓફ ફેમિલી બિઝનેસ ના કો ફાઉન્ડર અને પ્રેસિડેન્ટ મિ.વેઈન રિવર્સે વિષયની વિસ્તૃત જાણકારી આપી હતી.

વર્કશોપના મુખ્ય વકતા અને એશિયન ઈન્સ્ટીટયુટ ઓફ ફેમિલી બિઝનેસના કો. ફાઉન્ડર અને અધ્યક્ષ શ્રી વેન રિવર્સે પોતાના પ્રેઝન્ટેશન સાથેના વકતવ્યમાં ફેમિલી બિઝનેસ ને ટકાવી રાખવામાં અને એના વિકાસ આડે આવનારા મહત્વના મુદાઓની ચર્ચા કરી હતી. તેમણે કહયું હતું કે, ફેમિલી બિઝનેસના સ્થાપકે આવનારી પેઢીને વધુ નિપુણતા મેળવવા પ્રોત્સાહીત કરવી જોઈએ અને ફેમિલી બિઝનેસમાં રસ લેતી કરવી જોઈએ. તેમણે ફેમિલી બિઝનેસની નિષ્ફળતાના નવ મુખ્ય કારણોની સવિસ્તર ચર્ચા કરી હતી. જેમાં પરિવારનાં સભ્યો વચ્ચે મદભેદો, વિવાદ, ટાઈમ મેનેજમેન્ટ અને સ્ટાફની પસંદગીમાં ચોકસાઇ, કાર્ય પદ્ધતિ, ઓકકસનીતી, જેવા મુદાઓના અભાવને કઈરીતે દૂર કરી શકાય એ સમજાવ્યું હતું. તેમણે ફેમિલી બિઝનેસ માટે મહત્વના ૮ પગલાઓની વાત કરી હતી. જેમાનુ ૭ મું પગલુ ફેમિલી મેનેજમેન્ટનું ખૂબ મહત્વનું છે એમ કહયું હતું. તેમણે કહયુ હતુ કે, ફેમિલી બિઝનેસમાં મતભેદ હોઈ શકે પરંતુ મનભેદ નહી હોવા જોઈએ.

વર્કશોપની પૂર્વ ભૂમિકા બાંધતા એશિયન ઈન્સ્ટીટયુટ ઓફ ફેમિલિ બિઝનેસના ડીન શ્રી અભિજિત ભટ્ટાચાર્યએ કહયું હતું કે, ભારતમાં નાના અને મધ્યમ કદના વેપાર ઉદ્યોગનું પ્રમાણ વધુ છે ત્યારે નવી પેઢીને ફેમિલિ બિઝનેસ વિશેનું જ્ઞાન આપવું જરૂરી છે. સુરતનો વિકાસદર ૨૦ ટકા છે ત્યારે એની અસર નાના અને મધ્યમ કદના બિઝનેસને થઈ શકે છે. નવી પેઢી નવી દિશાઓ પસંદ કરશે જેથી ફેમિલિ બિઝનેસ ટકાવી રાખવો મુશ્કેલ બની જશે. તેમણે એશિયન ઈન્સ્ટીટયુટના પ્રયાસોની જાણકારી

આપી હતી અને અમેરિકામાં પ્રાયોગિક ધોરણે શરૂ કરાયેલા ફેમિલી કિલનીકના ઈન્સેપ્ટ વિશે પણ માહિતી આપી હતી.

કાર્યક્રમના આરંભે આમંત્રિતોનું પુષ્પગુચ્છથી સ્વાગત કરી ચેમ્બર પ્રમુખશ્રી નિલેશ વી.માંડલેવાળાએ કહયું હતું કે,ભારતના ભૂતકાળમાં વેપારની પરંપરા પેઢી દર પેઢી જળવાઈ રહેતી હતી અને તેથી અનેકવિધ પરિવારો સમૃધ્ધિની ચરમસીમા પર પહોંચ્યા હતા.જો તાજેતરનો દાખલા લઈએ તો પેઢી દર પેઢી બિઝનેસમાં યોગદાન આપનારા ટાટા પરિવાર,બિરલા પરિવાર,અંબાણી પરિવાર કે પછી મધ્યમ અને નાના કદના અનેકવિધ પરિવારોએ આ પરંપરા જાળવી રાખી છે.આજે પરિસ્થિતી એવી છે કે,નવી પેઢીને વારસાગત ફેમિલી બિઝન્સમાં રસ ઓછો છે અને નવા ક્ષેત્રોમાં નોકરી મેળવી લઈને પોતાનું ભવિષ્ય ઘડવા માગે છે.પરંપરા જાળવવામાં મર્યાદાનો મોટો ભાગ હોય છે.શિસ્ત પણ જરૂરી છે ત્યારે એવી બાબતોને નવી પેઢી ખાસ મહત્વ આપતી નથી એમાંથી જ મતભેદો સર્જાય છે અને પરિણામે એક જ વેપાર કે ઉદ્યોગમાં લાંબા સમય સુધી ટકી શકતા નથી.આવા સમયે જૂની પેઢી અને નવી પેઢી વચ્ચે એક સેતુની જરૂર જણાય છે અને તે આજના આ વર્કશોપમાંથી મળી રહેશે.

વર્કશોપના અતિથિ વિશેષ ફિયાસ્વીના ચેરમેન શ્રી અરૂણભાઈ જરીવાળાએ કહયું હતું કે, સુરતમાં ૭૫ ટકા બિઝનેસ ફેમિલી બિઝનેસ છે એટલે આજની ચર્ચા ઉપયોગી નિવડશે. તેમણે ફેમિલી બિઝનેસના સફળ ઉદાહરણો તરીકે ચેમ્બરનો દાખલો આપ્યો હતો. તેમણે કહયું હતું કે, ફેમિલી બિઝનેસના પેઢી દર પેઢી વિકાસમાં શિક્ષણ જેટલું જ મહત્વ અનુભવનું પણ છે. ટેકનોલોજીનો વિકાસ થયો છે, અહીં જાત જાતના માણસો છે, અનેક જાતના ટેક્ષ છે, અનેક કાયદા છે ત્યારે બિઝનેસ ના વિકાસને જાળવી રાખવા વધુ મહેનત જરૂરી છે અને નિષ્ણાંતોની મદદ પણ ઉપયોગી છે. સૌથી વધુ મહત્વ ફેમિલીમા સંકલનનું છે.

સમારંભના મુખ્ય મહેમાન અને સી.ઈ.ડી.ના ડીરેકટર ડૉ. ચંદન ચેટર્જીએ કહયું હતું કે, આજકાલ ઔદ્યોગિક ક્ષેત્રમાં ક્ષમતા અને સ્પર્ધાનું મહત્વ હોવાથી ઉદ્યોગનીતિમાં બિઝનેસના સર્વાંગી વિકાસ ઉપર ધ્યાન અપાઈ રહયું છે એટલે પેઢી દર પેઢી ફેમિલી બિઝનેસનો વિકાસ કઈ રીતે થઈ શકે એની ચર્ચા પણ જરૂરી છે. ફેમિલી બિઝેસનો ઈતિહાસ સફળતા અને નિષ્ફળતા થી ભરેલો છે, સફળતા ઉપરથી પ્રેરણા લેવી જોઈએ અને નિષ્ફળતાના કારણો શોધી એમાંથી જરૂરી માર્ગદર્શન મેળવી શકાય છે.

વર્કશોપમાં ભાગ લેનારાઓએ પુછેલા પ્રશ્નોના વકતાઓએ સંતોષકારક ઉત્તરો આપ્યા હતા.

ચેમ્બરના ઉપ પ્રમુખ ડૉ. અજોય ભટ્ટાચાર્યએ આભારવિધી આટોપી હતી.